# દેશમાં શ્વેતક્રાંતિ લાવવામાં બનાસ ડેરીનું મહત્વનું યોગદાન : વિજયભાઈ રૂપાણી

## દિયોદર તાલુકાના સણાદર ખાતે મુખ્યમંત્રીશ્રીના હસ્તે બનાસ ડેરીના દૈનિક ૩૦ લાખ લીટર દૂધના પ્રોસેસીંગ પ્લાન્ટનું ખાતમુહૂર્ત-ભૂમિ પૂજન કરાયું

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના સણાદર ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે બનાસ ડેરીના દૈનિક ૩૦ લાખ લીટર દૂધના પ્રોસેસીંગ પ્લાન્ટનું ખાતમુહૂર્ત-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ડેરીના નવા પ્લાન્ટ સ્થાપવા માટે બનાસ ડેરીને અભિનંદન આપતા જણાવ્યું કે, દેશમાં શ્વેતક્રાંતિ લાવવામાં બનાસ ડેરીનો મહત્ત્વનું યોગદાન છે. તેમણે કહ્યુ કે આપણી સંસ્કૃતિમાં ગાય, ગંગા, ગીતાનું વિશેષ મહત્વ છે. સંસ્કૃતિને વરેલી આ સરકાર પશુપાલન અને ડેરી ઉદ્યોગના વિકાસ માટે સક્રિય રીતે સંકલ્પબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે બનાસકાંઠા જિલ્લાને સુખી અને સમૃદ્ધ બનાવવા સ્વ. ગલબાકાકાએ રણમાં મીઠી વીરડી સમાન બનાસ ડેરીની સ્થાપના કરી મોટી લોક સેવાનું કામ કર્યું છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લાના વિકાસ માટે સરકાર સક્રિય અને સંકલ્પબદ્ધ છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લા માટે મને વિશેષ પ્રેમ અને લાગણી છે. ૨૦?૧૭માં બનાસકાંઠામાં આવેલા પૂરના સમયે આ જિલ્લામાં રહ્યો છું. આ જિલ્લાની પ્રજાની લાગણી અને ખુમારી મને હંમેશાં આકર્ષે છે. શિક્ષણ, કૃષિ, સિંચાઈ સહિત તમામ ક્ષેત્રે બનાસકાંઠા જિલ્લો અગ્રેસર રહે તે માટે સરકાર કટીબધ્ધ છે. તેમણે કહ્યું કે ખેડૂતો સુખી, તો ગામડુ સુખી, ખેડૂતોના ખેતરો સુધી પાણી પહોંચાડવા સરકાર પ્રતિબદ્ધ છે. 'હર હાથ કો કામ, હર ખેત કો પાની.....'એ આ સરકારનો મંત્ર રહ્યો છે.

કેન્દ્રીય ડેરી અને પશુપાલન રાજ્યમંત્રી શ્રી ડૉ. સંજીવકુમાર બાલિયાને જણાવ્યું કે, આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું ખેડૂતોની આવક બમણી કરવાનું છે. તેમણે ગુજરાતના સહકારી માળખાની પ્રશંસા કરતાં જણાવ્યું કે ગુજરાતના સહકારી માળખાથી ખૂબ ઝડપથી ખેડૂતોની આવક બમણી કરી શકાશે. તેમણે કહ્યું કે ગુજરાતનું સહકારી માળખું સમગ્ર દેશ માટે આદર્શ અને પ્રેરણાદાયી છે. પશુપાલનના વ્યવસાયને વેગ આપવા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડેરી ઉદ્યોગ અને પશુપાલન વિભાગની શરૂઆત કરાવી છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે ગુજરાતની ધરતી પરથી આ ધરતીના સપૂત આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવું છું કે પશુપાલકોના હિતમાં નિર્ણય લઈ વિદેશથી દૂધની આયાત ન કરી, જેના લીધે આજે પશુપાલકોને પોષણક્ષમ ભાવો મળી રહ્યા છે. તેમણે પોતાના રાજ્યમાં ગુજરાતના સહકારી માળખાની પેટર્નની ડેરી સ્થાપવા બનાસ ડેરીના નિયામક મંડળને અનુરોધ કર્યો હતો.




બનાસકાંઠાના સાંસદ સભ્ય શ્રી પરબતભાઈ પટેલે જણાવ્યું કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારના આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં પશુપાલન અને ડેરી વિભાગ શરૂ કર્યો હતો એ જ રાહે કેન્દ્રમાં પણ આ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. વર્તમાન કેન્દ્ર અને રાજ્ય સરકાર ખેડૂતો અને પશુપાલકોના ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ છે તેમ તેઓએ ઉમેર્યું હતું. તેમણે કહ્યું કે, રોજના ૭૩ લાખ લીટર દૂધ એકત્રીત કરતી બનાસ ડેરી સરેરાશ રોજના રુ. ૨૨ કરોડ ખેડૂતોના ખાતામાં જમાં કરે છે. રાજ્યમાં કુલ દૂધ ઉત્પાદનના ત્રીજા ભાગનું માત્ર બનાસકાંઠા જિલ્લો ઉત્પાદન કરે છે. સાંસદશ્રીએ જણાવ્યું કે ૨૦૧૭ના પૂર વખતે ૧૫૦૦ કરોડની સહાય રાશીની વાત હોય કે પછી માવઠા, વાવાઝોડા અને તીડના પ્રકોપ વખતે ખેડૂતોને વળતર આપવાની વાત હોય મુખ્યમંત્રીશ્રી હંમેશા બનાસકાંઠાની ચિંતા કરી છે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ જે બનાસડેરી પાંચ વર્ષ પૂર્વે પશુપાલકોને મહિને ૨૩૦ કરોડનું ચુકવણું કરતી હતી તે હવે સરેરાશ ૬૩૦ કરોડનું ચુકવણું કરે છે. શ્રી ચૌધરીએ જણાવ્યું કે, આજે બનાસ ડેરી વૈશ્વિક કક્ષાની ડેરી બની છે. સમગ્ર વિશ્વમાં એકમાત્ર બનાસડેરી ૨૪૧ વેટરનરી ડોક્ટર ધરાવતી ડેરી છે. માણસની જેમ પશુને પણ આકસ્મિક સારવાર મળે તે માટે પશુ એમ્બ્યુલન્સની સુવિધા પણ બનાસ ડેરી આપે છે.

મુખ્યમંત્રીશ્રીએ ખુલ્લા રથમાં પશુપાલકોનું અભિવાદન ઝીલ્યું હતું. પશુપાલકોએ પુષ્પવર્ષા કરી મુખ્યમંત્રીશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

---

## ડીસામાં બિયારણ મામલે થયેલ મારામારીમાં સામસામી ફરિયાદ

ડીસામાં હાઈવે સ્થિત એક દુકાનમાં તરબૂચ ટેટીના નકલી બિયારણનું વેચાણ થતું હોવા મામલે દુકાનદાર અને વેપારી વચ્ચે બોલાચાલી બાદ મારા મારી સર્જાતાં મામલો ગંભીર બન્યો હતો અને હાઈવે ઉપર અફડાતફડીનો માહોલ છવાયો હતો જે ઘટનાના પગલે આવી પહોંચેલી પોલીસે મામલો માંડ થાળે પાડ્યો હતો બાદમાં બન્ને પક્ષ દ્વારા પોલિસ ફરિયાદ નોંધાવતા ઉત્તર પોલીસે બિયારણના વેપારી વિનોદભાઈ પઢીયારની ફરિયાદના આધારે મનીષ ગોવાભાઈ ચૌધરી અને દિનેશભાઈ હરિભાઈ ચૌધરી (બન્ને રહે ડાવસવાળા) વિરુદ્ધ ઈ. પી.કો. કલમ ૩૨૪,૨૯૪, ૫૦૬ (૨) ૧૪૩, ૧૪૭ અને ૧૪૯ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

---

# કૃષિ મહાવિદ્યાલયના નિર્માણથી કૃષિ જ્ઞાન-વિજ્ઞાનની નવી દિશા મળશે : વિજયભાઈ

## થરાદ ખાતે કૃષિ મહાવિદ્યાલયનું લોકાર્પણ અને થરાદ-સીપુ યોજનાનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી

ડીસા

બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતે રૂ. ૩૯ કરોડના ખર્ચે નવનિર્મિત કૃષિ મહાવિદ્યાલય અને રૂ. ૬૩૫ કરોડના ખર્ચે ખેડૂતો માટે કાર્યાન્વિત બહુહેતુક થરાદ-સીપુ યોજનાનો શુભારંભ રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. રણકાંઠાના ખેડૂતોને મળનારા નર્મદાના નીરની વાત કરતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, થરાદ-સીપુ બહુહેતૂક યોજનાથી આ વિસ્તારના ૧૦૬ ગામોના ૩૯ તળાવો ભરાતા ૬ હજાર હેકટર કરતા પણ વધુ જમીનને પિયતનો લાભ મળતા ધરા નવપલ્લવિત બનશે. જિલ્લાની બે મહત્વાકાંક્ષી યોજનાનું લોકાપર્ણ અને શુભારંભ થવાથી જગતના તાતને કૃષિ જ્ઞાન-વિજ્ઞાનને નવી દિશા મળશે.મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટ પણે જણાવ્યું કે ભૂતકાળના કોંગ્રેસ શાસનમાં ખેડૂતોની અવગણના થવાના કારણે ખેડૂતો આત્મહત્યા તરફ પ્રેરાયા હતા. પરંતુ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએના દૂરદેશી નિર્ણય એવા કૃષિ મહોત્સવ થકી ખેડૂતોની આવક બમણી કરવાનો પ્રયાસ હાથ ધર્યો .વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે પાણી અને વિજળી સમયસર મળે તો ખેડૂત સામર્થયવાન બને તેથી રાજય સરકારે સિંચાઈ અને ઉર્જાને પ્રાધાન્ય આપ્યું છે. સરકારે નેવાના પાણી મોભે ચડાવી પાણીના દુષ્કાળને ભૂતકાળ બનાવવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ છે.



કૃષિ કલ્યાણની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું કે, ખેડૂતોને રાતના ઉજાગરા ન વેઠવા પડે તેની પીડાને જાણીને સરકારે ખેડૂતોને દિવસે વીજળી મળી રહે તે માટે સોલાર પેનલમાં સહાય અને નવા ટ્રાન્સફોર્મ ખરીદવા સહિતના કામો હાથ ધર્યા છે. પાણીને વિકાસની પૂર્વ શરત ગણાવતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, લોકો, પશુપાલકો, ઉધોગકારો અને ખેડૂતોને પાણીની જરૂરીયાત વધુ રહેતી હોય છે ત્યારે પાણીને પારસમણિની જેમ ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો. છેવાડાના આ વિસ્તારને સુજલામ-સુફલામ, કસરા-દાંતીવાડા અને થરાદ-સીપુની આ ત્રણ મહત્વની પાણીની યોજનાઓનો લાભ મળતા ખેડૂતોમાં સમૃધ્ધિનું વાવેતર થશે. પેકેજ રાજ્ય સરકારે જાહેર કર્યુ હતું જયારે દુષ્કાળગ્રસ્ત તાલુકાઓમાં ખેડૂતોને રૂ. ૧૩ હજારની સહાય પુરી પાડી હોવાનું પણ ઉમેર્યુ હતું




રાજયની આ સરકાર હંમેશા ખેડૂતોના પડખે રહી છે. પૂરના સમયે રૂ. ૧૫૦૦ કરોડની સહાય આપીને બનાસકાંઠા જિલ્લાને બેઠા કરવાનું કામ કર્યુ છે તો વળી માવઠાના સમયે રૂ. ૧૦૦ કરોડનું પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિમાં ખેડૂતને રૂ. ૬ હજારની સહાય અને રૂ. ૯૩૦૦ કરોડના ટેકાના ભાવે ખરીદી કરીને ખેડૂતોને સમૃધ્ધિવાન બનાવવાનો પ્રયાસ રાજયની આ સરકારે કર્યો છે.

---

## મોડાસાના રહિયોલ નજીક રોંગ સાઈડ ધસી આવેલ ટ્રેલરની ટક્કરે રીક્ષાનો કચ્ચરઘાણ

અરવલ્લી જિલ્લામાં ભારેવાહક વાહનચાલકો બેફામ વાહનો હંકારી નિર્દોષ વાહનચાલકો રાહદારીઓને અડફેટે લેતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થવાની સાથે કાળનો કોળિયો બની જતા હોય છે. મોડાસા-ધનસુરા માર્ગ પર રહિયોલ પાટિયા નજીક માતેલા સાંઢની માફક ધસી આવેલા ટ્રક-ટ્રેલરે રોંગ સાઈડ ધસી જઈ પસાર થતી રિક્ષાને ધડાકાભેર ટક્કર મારતા રીક્ષાનો કડૂચાલો વળી જતા રિક્ષામાં બેઠેલા ત્રણને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા દોડી આવેલા લોકોએ ત્રણે ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ખસેડ્યા હતા. અકસ્માતના પગલે ટ્રાફિકજામ થતા દોડી આવેલ પોલીસે ટ્રાફિક પૂર્વરત કરાવી કાર્યવાહી હાથધરી હતી

---

# મોડાસામાં મહિલા રણચંડી બની

## પોલીસતંત્ર અને વાહનો ટોઈંગ કરતી એજન્સીની બેધારી નીતિ સામે મહિલાના આક્રોશથી ફફડ્યા

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક વર્ષોથી ટ્રાફિકની સમસ્યા શિરદર્દ સમાન બની છે. શહેરના મુખ્યમાર્ગોની આજુબાજુ ટાઉનપ્લાનિંગના નિયમોનું ઉલ્લંઘન કરી આડેધડ પાર્કિંગ વગર તાણી બંધાયેલા કોમ્પ્લેક્ષના લીધે ખરીદી કરવા આવતા વાહનચાલકો આડેધડ પાર્કિંગ કરતા હોવાની સાથે રોડ પર અડિંગો જમાવતા ફેરિયાઓ અને પથારાવાળોના લીધે સ્થાનિક તંત્રનો વહીવટ ખાડે જતાં ટ્રાફિકનો પ્રશ્ન પેચીદો બન્યો છે.

ટ્રાફિક નિયંત્રણ માટે વાહનો ટોઈંગ એજન્સીને કોન્ટ્રાક આપવામાં આવ્યો છે ટોઈંગવાનમાં કામ કરતા કર્મચારીઓ અનેકવાર લોકોનો રોષનો ભોગ બન્યા છે મોડાસામાં મહિલાનું ટુ-વ્હીલર ખોટી રીતે ટોઈંગ કર્યુ હોવાનું જણાવી ટોઈંગવાન માંથી વાહન પરત મેળવવા રોડ પર બેસી જતા ભારે હોબાળો મચ્યો હતો ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા અડધો કલાકની રકઝક પછી મહિલાઓ રણચંડી બની ટોઈંગ વાહનમાંથી જાતે વાહન ઉતારી લીધા હતા લોકોએ પણ ટોઈંગવાનના કર્મચારીઓ ખોટી રીતે વાહનો ટોઈંગ કરતા હોવાનો આક્રોશ સાથે મહિલાઓને સમર્થન આપતા ટ્રાફિક પોલીસ અને ટોઈંગ એજન્સીમાં કામ કરતા કર્મચારીઓ બિચારા બની ગયા હતા.




શનિવારે સાંજના સુમારે, મોડાસા ના શ્યામ સુંદર શોપીંગ સેન્ટર આગળ પાર્ક કરેલા ટુ વ્હીલર ટોઈંગ વાળાએ ટ્રેક્ટરમાં નાખંતા મહિલાઓ વિફરી હતી અને જ્યાં સુધી ટોઈંગ કરેલા વાહનો પરત કરવામાં ન આવે ત્યાં સુધી રોડ બેસી ગઈ હતી . જોકે આખરે ટોઈંગ વાળાએ વાહન પરત ન કરતા મહિલાઓએ પોતાનુ વાહન જાતે જ ઉતારી લીધુ હતું એક કલાક સુધી તું...તું...મૈં...મૈં ની ઘટના જોવા માટે લોકોના ટોળે ટોળા ઉમ્ટયા હતા અને ટ્રાફીક જામ ના દ્રશ્યો સર્જાયા હતા . મોડાસા શહેરમાં ટ્રાફિકનું નિયંત્રણ કરનાર ટોઈંગ એજન્સી રોડ પર ખડકાયેલા આડેધડ વાહનોને ટોઈંગ કરી મનફાવે તેમ દંડ વસુલાત કરતા વાહનચાલકો અને ટોઈંગ એજન્સી ના કર્મચારીઓ વચ્ચે ઘર્ષણ થયુ હતું.મહિલાઓના રણચંડી રૂપનો ટોઈંગ કરેલા અન્ય વાહન ચાલકોને પણ ફાયદો થયો હોય તેમ તમામ વાહનો ટોઈંગવાન માંથી ઉતારી લેતા મસમોટા દંડ ભરવામાંથી બચી ગયા હતા

મોડાસા શહેરમાં ટ્રાફિકની સમસ્યા હલ કરવા રોડ પર ખડકાયેલા વાહનોને ટોઈંગ કરવાની કામગીરી ખાનગી એજન્સીને સોંપવા છતાં ટોઈંગ એજન્સી અને પોલીસતંત્રની બેધારી નીતિના પગલે ફક્ત વાહનચાલકોને દંડવામા આવતા અને હાથલારીઓ અને પથારાવાળા સામે ઘૂંટણિયે પડી જતા વાહનચાલકોમાં રોષ પ્રવર્તી રહ્યો છે. ચાર રસ્તા થી કોલેજરોડ પર ફેરિયાઓનું અને પથારાવાળાઓનું સામ્રાજય યથાવત રહેતા ટ્રાફિકની સમસ્યા ઠેર ને ઠેર જોવા મળી રહી છે.

---

## મોડાસામાં ટ્રાફિકના નિયમનો કરશો ભંગ તો ૨૪ કલાકમાં ઈ-મેમો ઘરે પહોંચશે : CCTVની બાજ નજર

મોડાસા શહેરમાં ત્રીજા નેત્ર તરીકે કાર્યરત કરવામાં આવેલા આવેલા સીસીટીવી કેમેરા વિધિવત રીતે કાર્યરત થયા બાદ આજે રવિવારથી ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો સામે દંડાતામ્ક કાર્યવાહી કરવામાં આવશે જો કોઈ વાહન ચાલક પોતાનું વાહન ઓવર સ્પીડમાં,રોંગ સાઈડ,ચાલુ વાહને મોબાઈલ પર વાતો કરશે,અને આડેધડ વાહનો પાર્કિંગ કરશે અને તે સીસીટીવી કેમેરામાં કેદ થશે તો જે તે બાઈક કે વાહનના નંબર પરથી વાહનના માલિકને દંડ કરતો ઈ-મેમો ઘરે પહોંચી જશે અને દંડની રકમ સમય મર્યાદામાં વાહનમાલિક નહિ ભરે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં વિશ્વાસ પ્રોજેક્ટ અંતર્ગત ૩ કરોડના ખર્ચે સીસીટીવી લગાવી નેત્રમ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે, હવે જિલ્લામાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકોને ઓનલાઈન ઈ-મેમો આપવામાં આવશે.શહેરના વિવિધ પંદર જંકશન પર ૧૩૫ કેમેરા લગાવવામાં આવ્યા છે આ કેમેરામાં એકસઠ કેમેરા ફિક્સ છે, ત્યારે બાવીસ કેમેરા ૩૬૦ તેમજ ૧૮૦ ડિગ્રી ફરી શકે તેવા પીટીઝેડ કેમેરા લગાવાયા છે, ૫૨ કેમેરા ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નાઈઝ કરી શકે તેવા છે.હાઈ રીઝોલ્યુશન એચ.ડી કેમેરા લગાવવામાં આવ્યા છે, જેથી ગુનાહિત પ્રવૃત્તિઓ પણ અટકાવવામાં પોલિસને મદદરૂપ બનશે આ કંટ્રોલ રૂમમાં ૪૫ કર્મચારીઓ ત્રણ શિફ્ટમાં કામ કરશે વાહન ચાલકોને મળેલ ઈ-મેમો મોડાસા, બાયડ, ભિલોડા તેમજ કંટ્રોલ રૂમ ખાતે ભરી શકાશે.



---

# ડીસાની વેલુનગર સોસાયટીમાં ગટરનું ગંદુ પાણી ઉભરાતા રોષ

ડીસા પાલિકામાં છેલ્લા કેટલાક સમયથી વિવાદનો મધપૂડો છંછેડાયો છે જેને લઈ શહેરીજનોને પાયાની સુવિધા પૂરી પાડવામાં પણ પાલિકા તંત્ર નિષ્ફળ નીવડ્યું છે તેથી નગરપાલિકાના મોટાભાગના વિસ્તારોને જાણે ભગવાન ભરોસે છોડી દેવામાં આવ્યા છે અને નગરપાલિકા હદ વિસ્તારમાં ઠેરઠેર કચરાના ખડકલા તથા ગટરના પાણી ઉભરાઈ રહ્યા છે.

સરકારની કરોડો રૂપિયાની ભુગર્ભ ગટર યોજના નિષ્ફળ સાબિત થઈ રહી છે અને સોસાયટીઓમાં ગટરો ઉભરાઈ રહી છે નગરપાલિકા દ્વારા ગટરોની સફાઈ માટે કરોડો રૂપિયાની મશીનરી ઉપલબ્ધ કરવામાં આવી છે પરંતુ મશીનરીઓ પણ ધુળ ખાઈ રહી છે ત્યારે ડીસાની વેલુનગર સોસાયટીમાં આવેલી ગટરોનું ગંદુ પાણી મધુકુજ સોસાયટીમાં ઠાલવવામાં આવી રહ્યું છે જેથી ગટરો ઉભરાઈ રહી છે જેનાથી મધુ કુંજ સોસાયટીના રહીશો ગંદા પાણીની દુર્ગંધ થી હેરાનપરેશાન થઈ ગયા છે.



નગરપાલિકામાં ગંદા પાણીનો નિકાલ કરાવા માટે વારંવાર રજૂઆત કરવામાં આવી છે છતાં નગરપાલિકા દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી અને નગરપાલિકા પ્રમુખના પતિ ફોન ઉપર ઉડાઉ જવાબ આપતા હોવાના આક્ષેપો કરી રહીશોએ માત્ર ખાલી જુઠા આશ્વાસન આપવામાં આવી રહ્યા હોવાનો રોષ વ્યકત કર્યો હતો રહીશોએ પોતાના વિસ્તારમાં પડતી સમસ્યાઓ ની રજુઆત નગરપાલિકામાં નહીં કરે તો કોને રજુઆત કરવાની ? તેવો વેધક સવાલ પણ કર્યો હતો. ત્યારે વેલુનગર વિસ્તારમાં આવેલી મધુ કુંજ સોસાયટીમાં ગટરનાં ગંદા પાણીના નિકાલ કરવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે નહીંતર નાછુટકે મધુકુંજ સોસાયટીના રહીશોને ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે અને જરૂર પડે તો જિલ્લા કલેકટર ને પણ લેખિતમાં રજૂઆત કરવામાં આવશે તેવી ચિમકી મધુ કુંજ સોસાયટીના રહીશો દ્વારા ઉચ્ચારવામાં આવી હતી.

---

## ભિલોડામાં સમરસતા યજ્ઞ અને સંત સંમેલન યોજાયું

ભિલોડા તાલુકા સામાજીક સમરસતા સમિતિ ધ્વારા પરમ પુજય સંત શિરોમણિ શ્રી રોહિતદાસજીની જન્મ જયંતિ નિમિત્તે હિન્દુ સમાજની એકતા, અખંડિતતા બની રહે તેવા મુખ્ય ઉદ્દેશથી સામાજીક સમરસતા યજ્ઞ શ્રી વૈજનાથ મહાદેવ મંદિર પાસે યોજાયો હતો. સમરસતા યજ્ઞના ભગીરથ આયોજન દરમ્યાન દાતાઓના સહયોગથી કર્યો હતો. હિન્દુ સમાજના દરેક જ્ઞાતિના યજમાનો ધ્વારા યજ્ઞમાં આહુતિ આપી સમાજને એકતાના સુત્રમાં બાંધવાનું કાર્ય આ પવિત્ર યજ્ઞ ધ્વારા કરાયું હતું. સમાજના આગેવાનોના પ્રયાસોથી આ વિસ્તારના સાધુ, સંતોના આશીર્વચન સૌ-કોઈએ પ્રાપ્ત કર્યા હતા.

---

# મોડાસામાં લુખ્ખા તત્ત્વોનો આતંક

અરવલ્લી સહીત મોડાસા શહેરમાં જાણે પોલીસ અને કાયદાની બીક કોઈને રહી નથી તેવું લાગે રહ્યુ છે. કારણ કે દિન પ્રતિદિન લુખ્ખા તત્ત્વોનો આંતક વધી રહ્યો છે. જો પોલીસ દ્વારા મોડાસામાં પેટ્રોલિંગ કરવામાં આવે તો આવા અસામાજિક તત્વો પર નિયંત્રણ લાગી શકે પણ પોલીસ પોતાની કામગીરી નથી કરતી જેને લઈને આવા તત્ત્વોને જાણે છૂટોદોર મળી ગયો છે, જેને લઈને બેફામ બન્યા છે મોડાસા માલપુર બાયપાસ રોડ પર આવેલ એક પેટ્રોલપંપના કર્મચારીઓ પર ડીઝલ પુરવા અંગે કેટલાક લુખ્ખા તત્વોએ દાદાગીરી હુમલો કરી પથ્થરોના ઘા ઝીંકી પંપના કર્મચારીનો અપહરણ નો પ્રયાસ થતા ભયનો માહોલ પેદા થયો હતો.

મોડાસા શહેરના માલપુર બાયપાસ રોડ પર સહયોગ પેટ્રોલપંપ પર બે પીકઅપ ડાલામાં આવેલા કેટલાક શખ્શોએ પંપના કર્મચારીઓ લકઝરીમાં ડીઝલ ભરી રહ્યા હતા ત્યારે પીકઅપ ડાલામાં આવેલા કેટલાક અસામાજિક તત્વોએ પીકપડાલા માં પહેલા ડીઝલ પુરી આપવા દાદાગીરી કરી ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો બોલી કર્મચારી અમરત ભાઈ દલાભાઈ બામણીયાને ગડદા પાટુનો માર મારી અન્ય કર્મચારી બચાવવા જતા મિનેશભાઈ સુખાભાઈ પગીનું અપહરણ કરવાનો પ્રયત્ન કરી હાથમાં પાઈપો લઈને માર મારી આતંક સર્જતાં પેટ્રોલપંપ પર હિચકારા હુમલાના પગલે ભારે અફડાતફડી મચતાં આજુબાજુ માંથી લોકો દોડી આવતા લુખ્ખા તત્વો રફુચક્કર થઈ ગયા હતા જોકે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થતા મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી આ મામલે તપાસ શરુ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.